# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




કૌભાંડોના કાષ્ટની અહીં સળગે છે હોળી!
સ્વાર્થ સાધવા સંબંધોની સળગે છે હોળી!
સળગે છે હોળી સંગઠ્ઠનમાં સત્તાની ભૂખે -
પદની કૂખે બેઠા સાહેબ સળગે છે હોળી!




છૂટે પસીનો,
મેદાનમાં આવતાં -
છપ્પન છાતી..
(બેઠકની જાહેરાત ટળી)

ચૂંટણી પૂર્વે
બેઠક મથામણે -
શરૂ થ્યું યુદ્ધ!
(મોટાં, માથાંનો દુખાવો)

## ચિંતન

*તૃણં બ્રહ્મવિદઃ સ્વર્ગતૃણં શૂરસ્ય જીવીતમ્ । જિતાઅશસ્ય તૃણં નારી નિઃસ્પૃહસ્ય તૃણં જગત્ ॥*

ચાણક્ય નીતિનો આ શ્લોક છે :

'જેને દિવ્યજ્ઞાન-બ્રહ્મજ્ઞાન થઇ ગયું છે તેની સમ્યક દૃષ્ટિમાં પછી સ્વર્ગ પણ તુચ્છ થઇ જાય છે. જે શૂરવીર-બળવાન છે અને પરોપકાર અને સૌની સુરક્ષા માટે જે જાગૃત છે તેના માટે જીવન પણ તુચ્છ છે - જે જિતેન્દ્રીય-સંયમી-છે જેનો મન પર સંપૂર્ણ કાબૂ છે તેના માટે સ્ત્રી પણ તુચ્છ-તણખલાં સમાન છે અને જેણે જીવન પ્રત્યે તાટસ્થ્ય-વિવેક કેળવી લીધો છે, અને ઇચ્છા રહિત થઇ ગયો છે તેને માટે આ સંસાર અને તેના સર્વ ભોગ-ઉપભોગ-ધન-સમૃદ્ધિ બધું જ તણખલાં સમાન તુચ્છ છે.'

જેને અધ્યાત્મ જ્ઞાન થઇ ગયું હોય તેને 'વિવેક' આવી જાય છે, સત્-અસત્‌ની દૃષ્ટિ આવી જાય છે તે પછી તે સંસારમાં તાટસ્થ્ય પૂર્ણ રહેતા શીખી જાય છે અને એમાં જ એને આનંદનો અનુભવ થાય છે પછી એની પાસે 'સ્વર્ગ'ની કોઇ વિસાત નથી.

શૂરવીર, લોકો અન્યાય અને અત્યાચાર માટે જીવ-માથું હાથમાં રાખી ફરતા હોય છે, એમને મરવાનો કોઇ ભય જ હોતો નથી. સંયમી ને સ્ત્રી તુચ્છ લાગે છે.

જેણે બધી ઇચ્છાઓ પર કાબૂ મેળવી લીધો છે એને ધન-સંપત્તિ, પદ-સત્તા-માન-અપમાન બધું જ તુચ્છ લાગે છે.

## સુવિચાર

- વિવેકનો વિકાસ કરવાના બદલે તેની 'નિકાસ' કરીને માનવજાતે રકાસ નોંતર્યો છે **- એસ. ભટ્ટાચાર્ય**
- અંતરાત્માની વાણી એટલે કુદરતી રીતે ફૂટેલા વિવેકની સરવાણી. અંતરાત્માનો અવાજ એ ખતરાનું સીગ્નલ છે. જીવનમાં આવનાર દુ:ખના પ્રસંગોની શક્યતાનો પૂર્વસંકેત છે **- સંત ફ્રાન્સીસ**
- મનુષ્ય સાથે જ નહીં, અન્ય જીવો સાથે પણ આપણે વાતો કરી શકીએ એ માટે ઇશ્વરે આપણને મૂંગી, પણ મુલ્યવાન ભાષા આપી છે તે છે 'સહાનુભૂતિની શક્તિ' **- નવનિત**
- પોતાની જાતથી નહીં ડરનારાઓ જગત માટે અભિશાપ રૂપ હોય છે, કારણ કે તેમનો સંયમ શૂન્ય વ્યવહાર તેમને ગમે તેવા ખરાબ કામો કરતાં પણ રોકી શકતો નથી- **ચંદ્રકાન્ત બક્ષી**
- 'પેટ બળ્યાઓ' ગામ બાળવા મેદાને પડે, તો કયું ગામ સલામત રહે? વાણીનું વરદાન કાળો કેર વરતાવવા માટે નહીં, પણ માણસાઇની મહેર વરસાવવા માટે છે **- ધર્મસૂત્ર**
- ઉન્નત બની શકાય છે, કયારે પતન વિના? મસ્તક બુલંદ થઇ નથી શકતું નમન વિના **- અમૃતબિંદુ**
- જીવન માટે મન એક 'પડકાર' છે, એનાથી વધુ 'આસ્થા છે' 'શ્રદ્ધા' છે અને એમાં પાવનતાનું ઉમેરાવું એ તૃપ્તિના ઓડકારનો અવસર છે **- જયંત પાઠક**

**(સંકલન : દીપક વી.આસરા)**

## બોધ કથા

રાજાની પાસે ધન-સમૃદ્ધિ-સત્તા હતા. ઉદ્યોગપતિઓ તો હાથજોડી ચાકરની જેમ આજ્ઞાની રાહ જોતા ઉભા રહેતા અને કારણે રાજામાં ખૂબ જ અભિમાન આવી ગયું. સ્વભાવ પણ ઉગ્ર અને તોછડો થઇ ગયો.

રાણી, એનો સ્વભાવ સુધારવા, એક સંત પાસે લઇ ગઇ. સંતે પૂછ્યું, રાજન્! તમારી પાસે ખૂબ સંપત્તિ અને મોટું સામ્રાજય છે ખરૂં ને? રાજાએ હકારમાં માથું હલાવ્યું.

સંત કહે, તમે કદીક રણમાં એકલા ખોવાઇ જાવ અને પાણી વિના તરફડીયાં મારતા હો- ત્યારે કોઇ તમને પાણીનો એક લોટો આપે, તો તમે એને બદલામાં શું આપો?! રાજાએ તરત કહ્યું, 'અર્ધું રાજપાટ.'

ફરી સંતે કહ્યું, તમે મરણપથારીએ છો. ડોકટર-વૈદ્ય-ફકીરો એ હાથ ધોઇ નાખ્યા હોય ત્યારે કોઇ સંત તમે એક એવી અકસીર દવાની પડીકી આપે કે તમે તરત ઊભા થઇ જાવ! તો તમે એને શું આપો?! રાજપાટ!

સંત કહે, એટલે તમે એટલું તો સમજો જ છો કે જીવનનું મહત્ત્વ સત્તા-પદ-સમૃદ્ધિથી વધારે છે. તો એનું અભિમાન શા માટે? સૌની સાથે પ્રેમ-વિવેક-વિનયની વર્તન કરી જીવનને આનંદમય શા માટે નથી બનાવતા?!

રાજાનો સ્વભાવ ભદલાઇ ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# શું આપણે નષ્ટ જીવોને પરત લાવી શકીશું ?

## વન્યસૃષ્ટિ પરિચય

*- હેમંત સુથાર*

એક અંદાજ પ્રમાણે આ પૃથ્વી ૧,૦૦,૦૦૦,૦૦૦ (એકની ઉપર આઠ મીંડા) જેટલી જીવ જાતિઓનો અંદાજ મંડાય છે. આ પૈકી ઘણીબધી સમયાંત્તરે કુદરતી ક્રમ મુજબ લુપ્ત થતી રહે છે. સામાન્ય રીતે તેનો દર ૦.૦૧ ટકા જેટલો છે. તે હિસાબે પ્રતિ વર્ષ ૧૦૦૦૦ જેટલી જાતો લુપ્ત થતી હોય છે. પરંતુ આપણે માનવો આ બધાથી મોટેભાગે અજાણ છીએ.

આઈ.યુ.સી.એન. નામની સંસ્થા પ્રમાણે કુલ ૪૪૮૩૮ જેટલી જીવ જાતિઓનાં એક અભ્યાસથી જાણી શકાયું છે અત્યાર સુધીમાં ૯૦૫ જેટલી જીવ જાતિઓ આ પૃથ્વી પર લુપ્ત થઈ છે. આ આંકડો ચોક્કસ જાતિઓની ગણતરી પુરતો છે, ખરેખર તો આ આંકડો ઘણો મોટો છે. હજુ તો આપણે આ પૃથ્વી પરની અસંખ્ય જાતોને હજુ સુધી ઓળખી પણ શક્યા નથી અને તે પહેલાં ઘણીબધી જાતિઓ લુપ્ત થઈ રહી છે. યુનાઈટેડ નેશન્સ એન્વાયરોમેન્ટ પ્રોગ્રામના ચીફ સાયંટીસ જોસેફ અલ્કાઓના મત પ્રમાણે વર્ષ ૧૯૭૦ બાદ આ પૃત્વી પરથી ૩૦ ટકા જેટલી પ્રાણીઓની વસ્તી ઓછી થઈ ચુકી છે.

જીત જાતિઓનાં રક્ષણની મુખ્ય બે પદ્ધતિઓ છે એક તો આ જીવો જે સ્થળે રહે ચે તે જીવોનું ત્યાં જ સ્વસ્થાને રક્ષણ કરવું. તેને ''ઈન સીટુ કન્ઝર્વેશન'' કહેવામાં આવે છે. જેમાં મુખ્યત્વે કાયકાદીય રીતે જાહેર થયેલ રક્ષીત વિસ્તારોનો સમાવેશ થાય છે. જેમાં કે રાષ્ટ્રીય ઉદ્યાનો, અભયારણ્યો, વાઘ-હાથી-અગર અનામત વિસ્તારો, જીવાવરણ અનામત વિસ્તારો, માનવોની ધાર્મિક આસ્થાના પ્રતિક એવા દેવ સ્થાનોવાળા જંગલો અને તળાવોને પણ રક્ષવામાં આવે છે.

જયારે જીવો જે સ્થળે રહે છે તે સિવાયના સ્થળોએ જીવોનું રક્ષણ જેને બાહ્યસ્થાને રક્ષણ કરવું કહેવાય. તેને ''એક્સ સીટુ કન્ઝર્વેશન'' કહેવામાં આવે છે. જેમાં વૃક્ષ-વનસ્પતિ ઉદ્યાનો, પ્રાણી સંગ્રહાલયો, માછલીઘરો, પંતગિયા પાર્કો, બચાવ કેન્દ્રો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બીજ પરાગ - જનીન બેંકોમાં વિવિધ જીવ જાતિઓનાં નમૂનાઓનું રક્ષણ થાય છે. પેશીસંવર્ધન પણ એક મહત્ત્વની પદ્ધતિ છે.

પૃત્વી પરથી લુપ્ત થઈ ગયેલી જાતિઓને પુનઃજીવિત કરવાની કોશિષો ઘણાં બધા વૈજ્ઞાનિકો કરી રહ્યા છે. આવા પ્રયત્નોમાં બે બાબતો ખુબ જ મહત્ત્વની બની જાય છે. એક તો લુપ્ત થયેલા પ્રાણીના અશ્મી કે શરીરનો કોઈ પણ ભાગ અને બીજું છે તે પ્રાણીના ભ્રૂણને ઉછેરી શકે તેવી તેના જ કુળ વંશની અન્ય જાતિના પાલક માતા જેને 'સરોગેટ મધર'કહે છે. આવી સરોગેટ મધરથી લુપ્ત પ્રાણીના કલોન પેદા કરી શકાય છે. આવી સરોગેટ મધર મળવી તે પણ એક કઠીન બાબત છે.

આવો જ એક રસપ્રદ પ્રયોગ છે. પ્રાયરીનીયન આઈબેક્ષનો. ફ્રાન્સ અને સ્પેન દેશનાં એન્ડ્રોરા પર્વતીય ક્ષેત્રના પારેનીસ વિસ્તારમાં જોવા મળતી હરણ જેવી જ દેખાતી એક બકરીની એક જાતિ હતી. વર્ષ ૧૯૮૧ મા પ્રાયરીનીયન આઈબેક્ષની વધતી ઘણીબધી હતી. પરંતુ આડેધડ શિકાર તથા અન્ય કારણોસર વર્ષ ૨૦૦૦માં છેલ્લું પ્રાયરીનીયન આઈબેક્ષ કે જેનું નામ 'સેલીયા' હતું તેના પર એક વૃક્ષ પડવાથી મૃત્યુ પામ્યું. તેથી આ જાતિની બકરીઓનું એક પણ સભ્ય આ પૃથ્વી પર ન હતું.

આ ઘટનાને ૯ વર્ષ થયા બાદ વર્ષ ૨૦૦૯માં વૈજ્ઞાનિકો દ્વારા પાયરીનીયન આઈબેક્ષના ભ્રૂણને અન્ય એક બકરીની જાતિમાં સરોગેટ મધરની મદદથી ક્લોન પેદા કરીને લુપ્ત જાતિને ફરીથી આ ધરતી પર પેદા કરવામાં આવી. આ વિશ્વની આ પ્રકારની આ પ્રથમ ઘટના હતી. પરંતુ આ સફળતા લાંબો સમય ન ટકી. ફક્ત ૭ મિનિટમાં પુનઃ પેદા થયેલ પ્રાયરીનીયન આઈબેક્ષ મૃત્યુ પામ્યું. આ રીતે આ પૃથ્વી પરથી એક જાતિ બે વાર લુપ્ત થઈ. પરંતુ આપણા સહુને એક નવી દિશા બતાવી કે લુપ્ત થયેલી જાતિઓને પુનઃ જીવિત કરી શકાય છે. તેના આધારે હાલમાં વિશ્વના દેશોના વૈજ્ઞાનિકોની વોશિંગ્ટનમાં થયેલ એક મિટીંગમાં લુપ્ત થયેલી ૨૪ જાતિઓને પુનઃ જીવિત કરવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો.

વૂલી મામોથ (Woolly Mammoth) આજથી ૨૦,૦૦૦ વર્ષ પહેલાં આ પૃથ્વી પરથી લુપ્ત થયેલી હાથીની એક પ્રાચીન જાતિ છે. હિમયુગના ગાળામાં હાથીની આ જાતિ લુપ્ત થઈ હતી. તેથી તેના ઉપયોગ બને તેવા અશ્મીઓ બરફમાં થીજી જઈને સચવાયેલા મળી શકવાની સંભાવનાઓ વધુ જણાઈ રહી છે. જાપાનના કેટલાક વૈજ્ઞાનિકો દ્વારા મામોથને આગામી ૫ વર્ષમાં પુનઃજીવિત કરવાની ખાત્રી આપવામાં આવી રહી છે.

આ રીતે આ પૃથ્વી પરથી જાતિઓ લુપ્ત થાય તે બુદ્ધિશાળી માનવજાતિ માટે શરમજનક વાત છે. માનવ જો યોગ્ય રીતે તેમની જીવન પદ્ધતિ અપનાવે તો આ અન્ય જીવોને પણ જીવવાનો સમાન અધિકાર મળે. આજે આપણે લુપ્ત જાતિઓને પુનઃજીવિત તો કરીશું, પણ શું તે જાતિઓ પુનઃ તેમના કુદરતી વાસસ્થાનોમાં વિચરતી થઈ શકશે? આ વાત અસંભવ લાગે છે.

# ગ્રામતળ, સીમતળના વડાઓ નિયમબધ્ધ કરવામાં આવશે : મહેસૂલ વિભાગ

## ગુજરાતના ૧૮૦૦૦ ગામો ૨૦૦ જેટલા શહેરોના ૪૦૦૦૦ થી વધારે ખેડૂતો, પશુપાલકોને આ નિયમનો લાભ મળશે

## વાત કાનૂન કાયદાની...

-અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ



ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે પરિપત્ર બહાર પાડી ૨૮, ફેબ્રુઆરી-૨૦૧૪ સુધીના તમામ વાડાઓને નિયમબધ્ધ કરી આપવાનો પ્રાંત અધિકારીશ્રીને આદેશ આપેલ છે. ૧૪ વર્ષમાં અને તે અગાઉમાં જેમના નામે વાડા નોંધાયેલા છે તે તમામ વ્યકિત કે તેમના કાયદેસરના વારસદારોની અરજી ધ્યાને લઈ વાડા પત્રકમાં નામ દાખલ કરવામાં આવશે.

સમગ્ર પ્રક્રિયાની શરૂઆત મામલતદારે સંકલન કરીને પ્રાંત અધિકારી દ્વારા તૈયાર કરાયેલા વાડા સંહિતા હેઠળના રજીસ્ટરમાં નોંધાયેલા વાડા કે રેકર્ડ પરની વિગતોની ખાતરી કરીને કલેકટરો, જીલ્લા વિકાસ અકિારી દ્વારા વાડાના કબજેદારોને નોટીસો પાઠવીને તેલગત ઉપસ્થિત થયેલ દાવાઓ સરકારની વિચારણા માટે આગામી ૬૦ દિવસમાં મોકલાશે જેના આધારે કબજા હકક તથા વારસા હકકથી અરજદારોના નામો વાડા પત્રકમાં દાખલ કરવામાં આવશે અગાઉ અરજી કરવાની મર્યાદા ૧૯૯૯ માં પૂરી થયેલ જે અંગે મહેસૂલ વિભાગે પરિપત્ર કરીને માત્ર ૧૯૯૯ સુધીના જ નહી પરંતુ તે પછી અને પરિપત્ર થયો ત્યાં સુધી એટલે કે ૨૮, ફેબ્રુઆરી,૨૦૧૪ સુધીના તમામ વાડાઓને પણ આવરી લેવા આદેશ કર્યો છે.

ગ્રામ્ય વિસ્તારોમાં અને શહેરી વિસ્તારોમાં તમામ ગામડાઓમાં ખેડૂતો ખેતીના ઓજારો રાખવા, ઢોરઢાંખર રાખવા-બાંધવા કે નિરણ રાખવા, ચાર-પુરા રાખવા, ખેતી કામની સગવડતા માટે વાળેલા વાડા અંગે રાજય સરકારે ૧૪ વર્ષ પછી નિર્ણય કર્યો છે. ગામતળ અને સીમતળના વાડાને કાયદેસરપણે તેના કબજેદારોને સોંપી દેવા માટે મહેસૂલ વિભાગ દ્વારા ખાસ પરિપત્ર બહાર પાડી નવી નિતિ જાહેર કરેલ છે. જેનાથી ગુજરાતના ૧૮૦૦૦ ગામો ૨૦૦ શહેરોના ૪૦૦૦૦ થી વધારે ખેડૂતો, પશુપાલકોને સીધો ફાયદો થશે તથા ગામતળના વાડાઓમાં બાંધવામાં આવેલા મકાનોને પણ આકરણી ફી લઈ નિયમબધ્ધ કરવામાં આવશે જેનાથી મહેસૂલી આવકમાં પણ વધારો થશે અનેકબજા ધારકોને પોતાના વાડાના પત્રકો પોતાના નામે, ખાતે થશે.

જે ખેડૂતોને કે પશુપાલકોને ૧૯૯૯ માં કબજા હકકની રકમ ચુકવવાનું ચુકી ગયા હતા જેમને તંત્ર દ્વારા નોટીસો બજાવેલી ન હોતી તેવા તમામને આ કાર્યવાહી પૂર્ણ કરી દેવા માટે ૩૧ મી ઓકટોમ્બર, ૨૦૧૪ સુધીનો સમય નિયત કરવામાં આવ્યો છે. પરિપત્રમાં જણાવ્યા અનુસાર જે ખેડૂતો કે પશુપાલકો કબજા હકકની રકમ ભરી શકયા નથી તેમના માટે વધારેમાં વધારે અડધો એકર જગ્યાની મર્યાદામાં વર્ષ ૧૯૮૦ માં જે નિતિ હતી તેના સ્થાને ૧૦૦ ટકા વધારો કરીને નાણા વિભાગના પરામર્શમાં કઈ કિંમતો રાખવી અને કઈ શરતો આધિન જગ્યા નામે કરવી તે હવે પછી નક્કી કરવામાં આવશે એટલે કે વિભાગ દ્વારા રૂા. ૨૫/- માં પ્રતિ ચોરસ મીટરની કિંમતે વાડા નિયમિત કરવામાં આવે તો કબજા હક્કની કાર્યવાહી કરી આપવામાં આવશે જેનાથી ૧૯૯૯ માં કાર્યવાહી કરવાનું ચુકી ગયેલા સેંકડો ખેડૂતો અને પશુપાલકોને આ નિયમથી ફાદો થશે હાલમાં સરકારી રેકર્ડમાં ચાલતા ૪૦૦૦૦ થી વધારે વાડા ધારકોને આ પરિપત્રનો લાભ મળશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## ખેલીએ હોલી

હાલો ભેરૂઓ ખેલીએ હોળી...
ખેલીઓ હોળી, રંગોથી ચોળી ચોળી.... હાલો...
આભ આંગળીએ ચાંદો ચમકે...
શિતળ સ્નેહને, શુભ્ર રંગ છલકે...
અઢળક શ્વેત રંગ દીવો ઢોળી... હાલો...
આંબા ડાળે મ્હોરી શું મંજરી...
કોયલ ટહુકીને જાણે વાગી બંસરી...
રમે ઢોલે સૌ રંગ ઢોળી ઢોળી... હાલો...
વનવગડે છલક્યો વૈભવ ભ્રમર ગુંજે...
રાધાને શ્યામ રંગે, શ્યામ રમે રંગે ચંગે...
આંખ્યુને લેતા હિલોળી... હાલો...
ફાગણ ફુલ્યો ફૂલડે, નવરંગી રંગ રૂપે...
પ્રકૃતિમાં પ્રાણ પૂરાયા, છલક્યો ઉમંગે...
ચિતડે ચિતરી દો રંગોળી... હાલો...
અવની ઊભરે લાલ કેશુડા ફૂલડે...
લ્હેરે જોબનીયું મદમસ્ત વાયુને ઝૂલણે...
મનખાને લેજો તરબોળી... હાલો... **- રમણલાલ એમ. શ્રીમાળી**



## ગુલ્લાલી હોળી

સખી! હવે ગુલ્લાલી હોળી રમીએ!
ફાગણની ફોરમને હૈયામાં ઝીલીએ
કેસરિયા કેસૂડાં હરખેથી વીણીએ
ભેળસેળિયા રંગો ડિલે ન ઢોળીએ
ધરતીનાં ધાગાંને મેલાં ન કરીએ!
સખી! હવે ગુલ્લાલી હોળી રમીએ!
તરસ્યા તલસે આ કૂવા - આવેડા,
ને, પાણીડાં કેમ રે વેડફીએ?
ચણા-ખજૂરની જયાફત ઉડાડીએ
પણ, કાદવ ઉછાળી કાળાં ન થઈએ
સખી! હવે ગુલ્લાલી હોળી રમીએ!
બાવળાં હોય તો ષડરિપુ બાળીએ
મોંઘેરા બળતણ શાને બાળીએ ?
શેરીએ - શેરીએ 'હોળી' નહીં,
હવે, જ્ઞાનની જયોત પ્રગટાવીએ!
સખી! હવે ગુલ્લાલી હોળી રમીએ!
રંગો ગમે તો રંગોળી કાઢીએ
ને, મિત્રોને હેતથી ભીંજવીએ!
ઓછપ લાગેતો અબીલ છાંટીએ
ને, ગુલ્લાલે ગાલ રાતા કરીએ!
સખી! હવે ગુલ્લાલી હોળી રમીએ!
મારાં-તારાંના ભેદ સૌ ભૂલીએ
વેરીને વ્હાલપથી આજ ભેટીએ
હોળીની ગોઠમહીં એટલું માગીએ
કે, દીકરીની આબર- ના લૂંટીએ
સખી! હવે ગુલ્લાલી હોળી રમીએ!
જીવતરનાં રંગોને હોંશે વધાવીએ
ને, 'ગમતાંનો ગુલ્લાલ' કરીએ
'પર્યાવરણને પાવન રાખજો' -
પૃથ્વીનો પોકાર આજ સૂણીએ
સખી! હવે ગુલ્લાલી હોળી રમીએ!

**- શશિકલા ધંધુકિયા**





## વસંત કાવ્ય

વસંત આવી, વસંત આવી
છોડે છોડે ફૂલ સવારી...
રંગ-બેરંગી ફૂલ સજાવી... સવંત...
જાત-ભાતની સુગંધ મહેકે,
ભ્રમર-પતંગો અહીં-તહીં બેસે... વસંત...
આમ્રકૂંજમાં કોયલ ફૂકે
પાનખરે નવ કૂંપળ ફૂટે... વસંત...
ઝાકળ ભીની સવાર ઊગે,
સૌને કેવી ન્યારી લાગે... વસંત...
માનવ હૈયે ઉમંગ જાગે,
ચિત્ત સૌને ચડતાં ચકડોળે... વસંત... **કોકિલાબેન જે. ભટ્ટ**

## રંગોત્સવની હોળી રે આવી...

વસંતના ગીતો ગુંજાવી,
ફૂલભર્યો ફાગણિયો લાવી.
ઉંતરમાં ઊર્મિ પ્રગટાવી,
નર્તન કરતી હોળી રે આવી.
આમ્રકુંજો મહીં રસ રેલાવી,
પુષ્પ-પરિમલને લહેરાવી,
રંગ અજબ ઉરમાં રંગાવી,
પ્રેમ-રંગની મોસમ લાવી.
ઉમંગઘેલા સાદ સુણાવી
ઢોલી તણા શતનાદ ગજાવી,
કાન-ગોપીની યાદ જગાવી,
રંગ-રસીલી હોળી રે આવી.
ભક્તિભાવની જયોત જલાવી,
ભક્તજનોમાં શ્રદ્ધા લાવી,
હર માનવની ગમગી ભુલાવી,
ઉમંગદાયિની હોળી રે આવી.
ધર્મ-જાતિ સઘલાં વિસરાવી,
સ્નેહ તણી સૌરભ પ્રસરાવી,
પ્રિયજનનાં હૈયા હરખાવી,
મનભાવન આ હોળી રે આવી.
મહોબતની સરમગને બજાવી,
સ્નેહભર્યા શમણાંઓ સજાવી,
પૂર પ્રેમ હૈયે છલકાવી,
રંગોત્સવની હોળી રે આવી. **- ભરત કવિ 'ઉર્મિલ'**



## હોળીનું ગીત

હૈયાના સંગે ને હોળીના રંગે; સખી આજ તો એવી ભિંજાણી,
કાલ સુધી એકલી અટુલી હું રહેતી; ને આજ મુજ જાય કોઈ તાણી!
રંગોના છાંટણા આજ મુને ઘેરતા; અંગ રહે ના કોઈ કોરૂં
બચવાની લાખ લાખ કોશિશ કરૂં ત્યાં તો ઘેરે છે જોબનનું ટોળું,
ઉંમરની શાન-ભાન ખોઈ બેઠી રે સખી; છાટણાં માં એવી છંટાણી! ... કાલ સુધી.
દુનિયાના સાત રંગ ફીક્કા લાગે છે હવે; હોળીના રંગ લલચાવે,
ઘરમાં બેસુ તો મારૂં ઉકળે છે મન આજ; હોળીના રંગ લલચાવે,
કેમેય કરીને છાની ના બેસી શકું; હોળીના રંગે લપટાણી! ...કાલ સુધી.
લાજ ને શરમની પૂતળી બનીને હું તો, પિયુની સંગ ખેલું હોળી,
રાધા ને કૃષ્ણ જેવો નિર્મળ છે પ્રેમ મારો; શીદને હું શરમાતી ભોળી ?
દાવા દલીલ સાથે વાત હું તો કરતી; ના સાબિતી માટે સંતાણી! ...કાલ સુધી.

**- શરમાળ ગોર 'શરમાળ'**

# હોળી એટલે રંગ અને અગ્નિનો અનેરો ઉત્સવ, ધાર્મિક દૃષ્ટિએ પાપ પર પુણ્યનો વિજય

## રંગ-ઉત્સવનું પર્વ હોળી-ધુળેટી

*- શાન્તિભાઇ બી. પટેલ*

જળની આંખો જોઈલો, સૂરજનો વહેવાર,
કેસર હાથે ઊજવે, હોળીનો તહેવાર

**- સંજય પંડ્યા**

લાલ રંગના લહેરાણિયાને માથે લીલી-ચોળી
હાલને દેવરિયા સંગે રંગે રમીએ હોળી.
તોરો મારો રંગ નિરાળો, હું કાળો તું ધોળી
હાલને ભાભલડી સંગે રંગે રમીએ હોળી

**- અવિનાસ વ્યાસ**

હોળી એટલે ફાગણિયા રંગોનો તહેવાર, કેસુડાનાં કસુંબલ પુષ્પોની પ્રાકૃતિક રંગોળીનો તહેવાર. વસંતોત્સવનો આ તહેવાર પરંપરાથી ઊજવાતો રહ્યો છે.

પાનખરની વિદાય અને વસંતનું આગમન હોય, ફાગણી રંગોત્સવની લિજ્જત ચારે બાજુ પથરાયેલી હોય, કેસુડાનાં ફૂલોનો રંગ સૂર્યના તાપ જેવો ઝગારા મારતો હોય, એકબીજાને રંગવાનો, ચીતરવાનો ભીંજવવાનો ઉત્સવ હોય, અબીલ ગુલાલથી એકબીજાના મુખારવિંદ રંગાયેલા હોય અને હાથમાં કલર છાંટવાની પિચકારી ન હોય તો હોળીનો આનંદ, ઉત્સાહ થોડો ફિક્કો લાગવાનો...

અંગે વસંત અને આંખમાં ઉનાળો
યૌવનના રંગ કયા લયમાં ઝિલાય,
મારા શબ્દે બેઠો છે શિયાળો.

**- રઘુવીર ચૌધરી**

અમે હોળીનો ગુલાલ છીએ ઘરૈયા
અમે ફાગણનો ફાલ છીએ ઘેરૈયા
અમે તલવારને ઢાલ છીએ ઘેરૈયા
અમે આજ અને કાલ છી ઘેરૈયા

**- સુરેશ દલાલ**

વસંતઋતુની શીતળતા હોય કે યુવા હૈયાનો તરવરાટ હોય, સંગીતની રમઝટ હોય કે લોકોની શ્રદ્ધા હોય...

હોળીના આ પર્વમાં આ કશું પણ બદલાયું નથી, પરંતુ બદલાયો છે, તો તેનો ઊજવવાનો મર્મ, તેની રીત... કેસુડાનો રંગ અને હળદરની પીળાશનું સ્થાન હવે કેમિકલવાળા કુત્રિમ કલરોએ લીધું છે.

વાસન્તી કંકુ છાંટને ઓઢી ઊભા અમે એવા ફૂલોની મખમલી લિબાસ મોકલું.

**- પ્રફુલ્લ વોરા**

મહેંકી રહી છે મંજરી એક્કેક આંસુમાં
મ્હોર્યાં છે, આજ આંખમાં આંબા વસંતનાં

હોળી એટલે રંગ અને અગ્નિનો અનેરો ઉત્સવ, ધાર્મિક દૃષ્ટિએ પાપ પર પુષ્પનો વિજય. હોળી વસંતના આગમનના વધામણી છે. વસંત તો કામદેવનો પણ પ્રિય છે. તેથી તો તેને 'પુષ્પધન્વા' પણ કહેવામાં આવે છે.

હોળી તો ઊંચ-નીચ, ગરીબ-તવંગરના ભેદભાવ મિટાવી સામાજિક એકતા, સામંજસ્ય, સમર્પણ, સંકલ્પબિંદુ સંગઠનશક્તિને પ્રમાણતું પર્વ છે.

હોળી-ધૂળેટી તો મોજ-મજા અને મસ્તીનો ઉત્સવ છે. આ પર્વ રાષ્ટ્રીય ચેતનાનું પર્વ છે. અંધશ્રદ્ધા, વહેમ, અસ્વચ્છતા, ગંદકીને સળગાવી દેવાનો ઉત્સવ છે. વસંતનું જ એક જ એક નજરાણું છે. ઢોલ, ત્રાંસા, મૃદંગના તાલ સાથે ગવાતા ને ખેલતા ફાગ અને રાસની રમઝટ વાતાવરણને તાજગી અને ઉલ્લાસથી ભરી દે છે. આ રંગોનો તહેવાર છે.

એ શું, કે ખીલ્યાં કરીએ વસંતમાં!
ખરવું જ છે તો કાં ન ખરીએ વસંતમાં,
પાંખોમાં આખુ વિશ્વ ભરીએ, વસંતમાં,
આવો, અણુ અણુમાં તરીએ, વસંતમાં

**- અમૃત ઘાયલ**

પ્રહલાદ જેવા સત્યનો વિજય અને હોલીકા જેવી અધર્મ બળીને ભષ્મ થઈ જાય છે. દુષ્ટવૃત્તિઓનો નાશ થાય તે સૌને ગમે. હોળી અને ધૂળેટી સંયમ, ભક્તિ અને શક્તિનું પ્રતિક છે.

વ્રજભૂતિમાં શ્રીકૃષ્ણ-રાધા અને ગોપીઓ સાથે હોળી ખેલ્યા હતા. વૃંદાવનમાં પણ હોળી ખેલાય છે.

હોળીનું પર્વ પૂજા દ્વારા દેશદ્રોહી વૃત્તિનો નાશ કરવાની પ્રેરણા આપે છે. નરસિંહ અવતાર તેનું જ પ્રતીક છે. પાંડુરંગ શાસ્ત્રી આઠવલે કહે છે તેમ નર (માણસ)ની વિવેકબુદ્ધિ અને સિંહની અવિવેકપૂર્ણ જંગલી વૃત્તિનો સંગમ એટલે નરસિંહ. હિરણ્યકશ્યપે ઈશ્વરના અસ્તિત્વને નકાર્યું અને પોતે જ પરમાત્મા છે એવી ઘોષણા કરી આવી દેશદ્રોહી વૃત્તિનો નાશ કરવાની પ્રેરણામૂર્તિ નરસિંહ છે.

ધૂની માંડલિયાના શબ્દોમાં
ભર વસંતે ડાળ પરથી જે ખરી પડ્યો ટહુકો,
એ જ પાછો ડાળ પર અકબંધ બાંધો તો ખરા. અને
એકાદ લટમાં ફૂલને બાંધી શકો,
પણ તમારા કેશમાં સુગંધ બાંધો તો ખરા,

હોળી-ધૂળેટી વિસે વાત્સાયનના 'કામસૂત્ર' માં ઉલ્લેખ છે. આ તહેવાર ઈસાથી ત્રણસો વરસ પુરાણો માનવામાં આવે છે. વૈદિક કાળમાં આ પર્વને 'નવોન્વેષ્ટિ યજ્ઞ' કહે છે. ખેતરોમાં અર્ધ પાકેલા અન્નને યજ્ઞમાં હવન કરીને પ્રસાદ લેવાની પરંપરા હતી.

આ દિવસે મનુનો જન્મ પણ થયો હતો. તેથીઆને 'મનુતિથિ' પણ કહે છે. આ તહેવારનો સંબંધ 'કામ દહન' સાથે છે. જયારે ભગવાન શંકરે પોતાના ક્રોધાગ્નિથી કામદેવને બાળી નાખ્યો હતો, ત્યારથી આ તહેવારની શરૂઆત થઈ. ફાગણ સુગ આઠમની પૂર્ણિમા સુધી આઠ દિવસ 'હોળાષ્ટક' માનવામાં આવે છે.

કહેવાય છે કે ફાગણ માસની પૂનમે જે લોકો ધ્યાન મગ્ન થઈને હિંસકા ઝુલતા શ્રી ગોવિંદના દર્શન કરે છે તે વૈકુંઠધામમાં પ્રવેશે છે. ભવિષ્યપુરાણ પ્રમાણે નારદજીએ યુધિષ્ઠિરને કહ્યું હતું કે આ પૂનમે બધાને અભયદાન આપવું જોઈએ, એથી પણ સૌ કોઈને આ દિવસે અભયદાન મળે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)